# આજથી પ્રાંતિજ હોસ્પિટલના કર્મચારીઓ હડતાલ પર

## આઠ માસથી પગાર વંચિત કર્મચારીઓ ન્યાયની માંગ કરી રહ્યા છે

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં સ્થિત એમ.સી. દેસાઈ હોસ્પિટલના કર્મચારીઓ પગાર ન મળતા ન્યાયની માંગ સાથે આજથી અચોકકસ મુદતની હડતાલ પર ઉતરી જશે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રંતિજ નગરમાં ટ્રસ્ટ સંચાલિત એમ.સી. દેસાઈ અને એનએમ દલાલ જનરલ હોસ્પિટલ આવેલી છે. જયાં આસપાસના જરૂરીયાતમંદ દર્દીઓ સારવાર અર્થે આવે છે. જેમની સારવારમાં મોટી સંખ્યામાં હોસ્પિટલના કર્મચારીઓ જોડાયેલા છે. આ કર્મચારીઓને હોસ્પિટલ સત્તાધીશો દ્વારા છેલ્લા આઠ માસથી પગાર ના ચૂકવાતા કર્મચારીઓની હાલત કફોડી બની છે. આર્થિક સંકડામણ ભોગવતા કર્મચારીઓએ વારંવાર પગારની માંગને લઈ અનેક રજૂઆતો હોસ્પિટલ સત્તાધીશોને કરી હતી. તેમ છતાં હોસ્પિટલ સત્તાધિશો આ સમગ્ર મામલે ચૂપકીદી સેવી લેતા પગારવંચિત કર્મચારીઓ ભારે રોષે ભરાયા છે અને ન્યાયની માંગ સાથે આજથી હોસ્પિટલ સત્તાધીશો સામે અચોકકસ મુદતની હડતાલ પર ઉતરી જશે.

## ખેડબ્રહ્મા તાલુકામાં ઉભા કરેલા મોબાઈલ ટાવરના જમીન માલીકો તેમજ આર.ઓ. પ્લાન્ટના માલીકોને નોટીસ ફટકારાઈ

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા તાલુકામાં વિવિધ કંપનીઓના મોબાઈલ ટાવર કાર્યરત છે. પણ આ ટાવર જે ખાનગી માલીકીની જમીન કે ધાબા ઉપર વગર મંજુરીએ ઉભા કરવામાં આવ્યા હોવાથી આ જમીન માલીકોને મામલતદાર દ્વારા નોટીસ ફટકારવામાં આવતા જમીન માલીકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. એ રીતે આર.ઓ. પ્લાન્ટ માલીકોને પણ પુરાવા સાથે ખુલાસો કરવા નોટીસ આપવામાં આવી છે.

ખેડબ્રહ્મા તાલુકામાં વિવિધ કંપનીઓના ટાવર ખાનગી માલીકીની જમીન કે ધાબા ઉપર ઉભા કરી દેવામાં આવ્યા છે. પણ આ જમીન કે ધાબા માલીકોએ તંત્રની જરૂરી મંજુરી લેવામાં આવી ન હોવાનું ઈન્ચાર્જ મામલતદાર એ.એ. પટેલની ધ્યાન ઉપર આવતા ૧૭ જેટલા મોબાઈલ ટાવરના ખાનગી જમીન માલીકો કે ધાબા માલીકોને નોટીસ ફટકારવામાં આવી છે. અને રજુભાઈ સુધી જરૂરી પુરાવા સાથે હાજર થવાનું ફરમાન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ખેડબ્રહ્મા શહેરના સાત જેટલા આર.ઓ. પ્લાન્ટ માલીકોને પણ હેતુફેર કર્યા વગર પ્લાન્ટ ચલાવવામાં આવતા હોવાના કારણ સંદર્ભે નોટીસ ફટકારવામાં આવી છે. મોબાઈલ ટાવરના જમીન માલીકો તથા ધાબા માલીકોએ આર.ઓ. પ્લાન્ટના માલીકોને માલમતદારનું તેડુ આવતા તમામ દોડતા થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

### ● ટાવરની જમીન માલીકોની યાદી

પઠાણ અમીરજાદાખાન સમીરખાન - કલોલ, ચૌહાણ માધાભાઈ પાળાભાઈ - કલોલ, પટેલ માણેકબેન વિઠ્ઠલભાઈ - નીચીધવાલ, પટેલ અશ્વિનભાઈ કુવજીભાઈ - લક્ષ્મીપુરા, પટેલ હાથીભાઈ ધીરાભાઈ - લક્ષ્મીપુરા, પટેલ મોતીભાઈ માધુભાઈ - લક્ષ્મીપુરા, ગમાર નાનજીભાઈ રતાભાઈ - ખેડવા, પટેલ કાન્તીભાઈ મોતીભાઈ - મટોડા, પટેલ ફુલજીભાઈ સવજીભાઈ - ઉચીધવાલ, હરીભાઈ બેચરભાઈ - મટોડા, લકુંબ હરીસિંહ સરદારસિંહ - ખેડબ્રહ્મા, મેમણ જમાત - ખેડબ્રહ્મા, કાઠોરી ચંપાલાલ આશાલાલ - ખેડબ્રહ્મા, સિંધી કિશનચંદ ટેકચંદ - ખેડબ્રહ્મા, ત્રિવેદી પંકજભાઈ રણછોડભાઈ - ખેડબ્રહ્મા, પટેલ પરસોત્તમભાઈ રેવાબાઈ - ખેડબ્રહ્મા, બારોટ અમૃતલાલ એસ. - ખેડબ્રહ્મા.

### ● આર.ઓ. પ્લાન્ટ

બ્રહ્માણી શુદ્ધજલ - ખેડબ્રહ્મા, બાબા શુધ્ધજલ - ખેડબ્રહ્મા, ગણેશ શુદ્ધજલ - ખેડબ્રહ્મા, ક્રીષ્ણા શુદ્ધજલ - ખેડબ્રહ્મા, લાઈફ વોટર ટેકનોલોજી - ખેડબ્રહ્મા.

## ધરપડામાં ઠાકોર સમાજના યુવાનોની ચિંતન બેઠક મળી

ડીસા, તા. ૧

ડીસા તાલુકાના ધરપડા કલાણીયાપુરામાં ઠાકોર સમાજના યુવાનો અને અગ્રણીઓની ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં મહેસાણાના ઉદ્યોગપતિ અને ઠાકોર સમાજમાં ભામાષા તરીકે ઓળખાતા જુગલસિંહ મથુરજી ઠાકોર (લોખંડવાલા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજમાંથી ખોટા રિવાજો, વ્યસનો અને અદેખાઈને તિલાંજલી આપી આધુનિક ખેતી અને અદ્યતન શિક્ષણ અપનાવવા પર ભાર મુકયો હતો. જુગલસિંહ ઠાકોરનું ધરપડાના મહંત કપુરદાસ મહારાજ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અશોકજી ઠાકોર (જંગરાલ), પલ્સ કંપનીના અધિકારી એન.એસ. ઠાકોર (ખારેડા), મનુજી ઠાકોર કોઈટા, અશોકજી પારજી ઠાકોર (આસેડા) સહિત યુવાનો અને વડીલો હાજર રહ્યા હતા. આગામી સમયમાં ધો૧૦થી ઉચ્ચકક્ષાએ ૭૦ ટકાથી વધુ ગુણે પાસ થનાર સમાજના વિદ્યાર્થીઓને સન્માનિત કરવાના હોવાથી તા. ૧૫-૭-૨૦૧૪ સુધી માર્કશીટની નકલ મહાકાળી પાન પાર્લર નવા બસ સ્ટેશન ડીસા, જલારામ હોટલ આસેડા અને જય બહુચર સેન્ટર ભીલડી ખાતે મોકલી આપવા અનુરોધ કરાયો છે.

## સામાજિક સમરસતાના ઉત્તમ મંદિરની મિશાલ પુસંરી ગામે પાડી છે : એલ. સી. ગોયલ

હિંમતનગર, તા. ૧

દેશના અન્ય ગામડાઓની સરખામાણીમાં અદ્દભૂત કામ થયુ છે. તેમ કેન્દ્રીય ગ્રામ વિકાસ મંત્રાલયના સેક્રેટરીશ્રી એલ.સી.ગોયલે સાબરકાંઠા જિલ્લાના પુસંરી ગામની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું

ભારત સરકારના ગ્રામ્ય વિકાસ મંત્રાલયના સેક્રેટરીશ્રી એલ.સી. યોયલ અને -તિનિધિ મંડળે આજે સાબરકાંઠા જિલ્લાના -ાંતિજ તાલુકાના પોગલુ અને તલોદ તાલુકાના પુસંરી ગામ પંચાયતની મુલાકાત લીધી જેમાં શ્રી ગોયેલ જણાવ્યું હતુ કે, સૌનો સાથ અને સૌનો વિકાસની સંપૂર્ણ પરિભાષા સમજવાની પહેલ પુસંરી ગ્રામપંચાયતે કરી છે ,અહિ ઉત્તામ લોકભાગીદારીની સાથે સામાજીક સમરસતાનું ઉત્તામ મંદિરની મિશાલ પુરી પાડી પુસંરી ગામે વિકાસના અનેકવિધ કામો હાથ ધરાયા છે.

વધુમાં સેક્રેટરીશ્રીએ કમ્પ્યૂટર લેબ સહિતની ભૌતિક માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

શ્રી ગોયલે ગામના રસ્તા, પીવાના પાણી માટે આર.ઓ પ્લાન્ટ, વિધાર્થીઓ માટે બસ સેવા, પાકા મકાન અને રસ્તા જેવી ભૌતિક સુવિધાઓ જોઈ આનંદ વ્યકત કરતા જણાવ્યું હતું કે, પુસંરીમાં જે કામ થયુ છે તે અદ્દભૂત છે. જે દેશના કોઈ ખૂણામાં થયુ નથી, શહેરની સમકક્ષ ગામનો વિકાસ થયો છે દેશના અન્ય ગામોને પણ આ પુસંરી ગામની જેમ વિકસાવવામાં આવશે. શ્રી ગોયલે હિંમતનગરના આકોદરા ખાતે આવેલ દેશની એકમાત્ર આવેલ પશુ હોસ્ટેલ નિહાળી ઉત્તામ પશુપાલનની વ્યવસ્થાની જાણકારી મેળવી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

જણાવતા ગામમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી ધરાવતા બક્ષીપંચ સમુદાયની ઉપરાંત અન્ય વર્ગને ઉત્તામ કક્ષાનું ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી સવલતો ઉભી કરતા આવનારી પેઢીઓને યોગ્ય દિશા મળી રહેશે.

ઉપરાંત જણાવ્યું હતું કે રાજયમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યા છે. નાનકડા પુસંરી ગામમાં નવિન વર્ગખંડો, કન્યાઓ માટે શૌચાલયની અલાયદી સુવિધા,

## પાટણમાં પ્રજાસત્તાક પર્વની પૂર્વ તૈયારીને લઈ સમીક્ષા બેઠક યોજાઈ

પાટણ, તા. ૧

૬૮ મા -જાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી પાટણ ખાતે થનાર છે. તેની વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલ પૂર્વ તૈયારીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના વરદ હસ્તે લોકાર્પણ, ખાતમુર્હત, ભૂમિપૂજન તેમજ પાટણ જિલ્લાના વિકાસસીલ કામોની જાહેરાતની રૂપરેખા તેમજ દિવસના સંદર્ભે ૨૦૦ નવા સ્વસહાય જૂથ યોજના, ગ્રામ પંચાયતોના પદાધિકારીઓનો વર્કશોપ, સુરક્ષા સેતુ હેઠળ મહિલાઓની સ્વરક્ષણની તાલીમ,



(તસવીર : ચેતન રામી, પાટણ)

અંગેની સમીક્ષા બેઠક જીલ્લાના -ભારી મંત્રીશ્રી સમાજિક શૈક્ષણિક અને પછાત વર્ગ કલ્યાણના મંત્રીશ્રી રમણભાઈ વોરાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જીલ્લા કલેકટરશ્રી એચ. એન. ઠક્કરે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલ પૂર્વ તૈયારી અંગેનું -ેઝન્ટેશન રજુ કર્યુ હતું. -ેઝન્ટેશન ખાસ કરીને ૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થનાર કાર્યક્રમો અંગેની રૂપરેખા રજુ કરી હતી.

વહીવટીતંત્ર દ્વારા વિકાસના કામોના લોકાર્પણ ખાતમુર્હત, ભૂમિપૂજન તા. ૧/૮/૨૦૧૪ થી ૧૨/૮/૨૦૧૪ દરમ્યાન વિવિધ દિવસોમાં ઉજવણી કરવામાં આવનાર છે તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આરોગ્ય ક્ષેત્રે, મહિલા બાળ વિકાસ ક્ષેત્રે, શિક્ષણ અને રોજગાર તાલીમ, સમાજ સુરક્ષા, મહેસૂલ, મહિલા સુરક્ષામાં ખાસ અભિયાન રૂપે કામગીરી આરંભવાનું પણ કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ સમીક્ષા દરમ્યાન અધિકારીઓને એક બીજાના પુરક બનીને ટીમવર્કથી કામગીરી કરવા તેમજ ૧૫ મી ઓગષ્ટ ઉલ્લાસથી ઉજવાય તે જોવા જણાવ્યું હતું. આ ઉપરાંત મંત્રીશ્રીએ જીલ્લામાં આગામી માસમાં ગરીબ કલ્યાણ મેળાના આયોજન અંગે પણ વિગતો મેળવી અધિકારીઓ સાથે પરામર્શ કર્યો હતો. અને માન્ય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ગતિશીલ ગુજરાત લક્ષાંક ૧૦૦ અતિ કુપોષિત ૨૧૬૪ બાળકોની દત્તક યોજના CMT અને VCNC હેઠળ બાળકોની સારવાર કુપોષિત જાગ્રૃતિ સપ્તાહની ઉજવણી, ગ્રામ્ય સ્વચ્છતા, લોકદરબારનું આયોજન તેમજ આગામી વન મહોત્સવની પૂર્વ તૈયારી અંગેની પણ વિગતો મેળવી હતી.

મંત્રીશ્રી જિલ્લામાં કુપોષિત બાળકો ઉપર ખાસ ભાર મુકીને વહીવટીતંત્રને વધુ જાગ્રૃતિ થવા સુચન કર્યુ હતું તેમજ જિલ્લામાં ચાલતા આયોજન હેઠળના કામોની સમીક્ષા કરતાં તેઓએ જે -જાહિતના જે કામો શરૂ થયા નથી તે તાકીદે શરૂ કરવા જણાવ્યું હતું. જે કામો -ગતિશીલ હેઠળ છે. તે કામો સત્વરે પૂર્ણ કરવા અમીલીકરણ અધિકારીને તાકીદ કરી હતી.

બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. ગૌરવ દહિયા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પરિક્ષીતા રાઠોડ, જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સીના નિયામકશ્રી હર્ષ વ્યાસ, અધિક નિવાસી કલેકટરશ્રી રાજેશ રાજયગુરૂ, સર્વ -ાન્ત અધિકારીશ્રીઓ, તેમજ વિવિધ કચેરીના અમલીકરણ અધિકારીઓ ઉપસથિત રહ્ના હતા.

## નવી શિણોલની પરિણીતાની સાસરિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

વડાગામ, તા. ૧

વડાગામ નજીક નવી શિણોલ ગામે રહેતી પરિણીતાને સાસરિયા દ્વારા છેલ્લા ઘણા સમયથી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની પોલીસ ફરિયાદ ધનસુરા પોલીસ મથકે નોંધાઈ હતી. જે અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકામાં રહેતી ગાયત્રીબેનના લગ્ન ૧૬ વર્ષ અગાઉ વડાગામ પાસે આવેલ નવી શિણોલ ગામે સંજયકુમાર ગોર સાથે થયા હતા. બન્નેના લગ્નજીવન દરમિયાન બે સંતાનો પણ છે. દરમિયાન છેલ્લા ઘણા સમયથી આરોપી પતિ સંજયકુમાર પોતાના પરિવારની ચડામણીને લઈ પત્નિ પર શંકાના આધારે મારઝુડ કરી મ્હેણાટોણા મારતો હતો. વારંવારના આ પ્રકારના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી આખરે આજે પરિણીતાએ પતિ સંજય ગોર, સસરા બળવંતરાય ગોર, સાસુ સુરેખાબેન ગોર, દિયર પ્રદિપકુમાર ગોર અને દેરાણી સુજાતાબેન ગોર સામે ધનસુરા પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે તમામ સાસરિયા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ગુરુવારે સવારે સીવીએમના સીડીસીમાં જીપીએસસી-બૅંકિંગનું ઑરિએન્ટેશન

### ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આશીર્વાદ સાથે ગુજરાત સરકારના નિવૃત્ત સંયુક્ત સચિવશ્રી જસવંત આચાર્ય અને બે આઈએએસ-આઈપીએસ માર્ગદર્શનનો શુભારંભ કરાવશે

વલ્લભ વિદ્યાનગર, તા. ૧

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ. એમ. પટેલ કૅરિયર ડૅવલપમૅન્ટ સૅન્ટર (સીડીસી)માં રાહતના દરથી ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) અને બૅંકિંગ સેવા અંગેના રોજેરોજના માર્ગદર્શક-વર્ગોની સતત ત્રણ મહિના ચાલનારી શ્રેણીના શુભારંભ પૂર્વે ગુરુવાર, ૩ જુલાઈ ૨૦૧૪ના રોજ ફ્રી ઑરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઓરિએન્ટેશનમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ બીજેવીએમ સામે આવેલા સીડીસી ભવનમાં કાર્યક્રમ પૂર્વે ઑફિસના સમય દરમિયાન નોંધણી કરાવી લેવાની રહેશે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આશીર્વાદ સાથે શરૂ થઈ રહેલા જીપીએસસી / બૅંકિંગ પરીક્ષાના સ્પર્ધકોને તૈયાર કરવાના નવતર ઉપક્રમ સંદભ ઓરિએન્ટેશન કાર્યક્રમમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે ગુજરાત સરકારના સંયુક્ત સચિવ અને સ્પીપાના સંયુક્ત નિયામક રહેલા શ્રી જસવંત આચાર્યના મુખ્ય અતિથિપદે અને નવા જ આઈએએસ-આઈપીએસ થયેલા ડૉ.પાર્થ ગોહિલ અને ડૉ.દિવ્યાંગ પટેલના માનવંતા મહેમાનપદે માર્ગદર્શન આપવાનું સીડીસી ભવનમાં આયોજન કરવામાં આવ્યું છે. સમારંભનું અધ્યક્ષપદ સીવીએમના માનદ સહમંત્રી શ્રી.વી.એમ.પટેલ સંભાળશે, એવી જાહેરાત સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈએ કરી હતી.

જીપીએસસીની અધિકારી વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ઉપરાંત બૅંકિંગ સેવા માટેની જગ્યાઓના ઉમેદવારોને સીડીસીમાં વિષય નિષ્ણાતો દ્વારા રોજેરોજ માર્ગદર્શન અપાશે અને દર સપ્તાહે જીપીએસસી કે યુપીએસસીમાં સફળ રહેલા ઉમેદવારો સ્પર્ધકો સાથે સંવાદ માટે આવીને તેમનું માર્ગદર્શન કરશે. દર સપ્તાહે સ્પર્ધકોનો ટેસ્ટ લેવાની પણ જોગવાઈ રાખવામાં આવી હોવાનું ડૉ.દેસાઈએ ઉમેર્યું હતું.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ

ભિલોડા, તા. ૧

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ વધારેલ છે.ભિલોડા સેન્ટરમાં પ્રથમ હિરલ દલજીભાઈ પટેલ ૯૨ પી.આર., ભિલોડા સેન્ટરમાં દ્વિતીય ફોરમ રાજેશભાઈ સુવેરા ૮૬ પી. આર. મેળવી અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ધોરણ. ૧૧ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ વિરાટ સિધ્ધી હાંસલ કરતાં સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, ટ્રસ્ટી દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ, મિતુલભાઈ બ્રહ્મભટ્ટ તેમજ આર. જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## પાલનપુર માહિતી કચેરીના ડ્રાઈવરનો વિદાય સમારંભ યોજાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧

જિલ્લા માહિતી કચેરી પાલનપુર ખાતે ડ્રાઈવરની ફરજ બજાવતાં શ્રી હરતાજી મકવાણા વયમર્યાદાને લીધે નિવૃત્તા થતાં તેમના માનમાં પાલનપુર મુકામે વિદાય સમારંભ યોજાયો હતો. શ્રી મકવાણાએ ૩૨ વર્ષ જેટલી લાંબી ફરજ માહિતી ખાતામાં સારી રીતે બજાવી હતી.

વિદાય સમારંભમાં શ્રી મકવાણાનું ફૂલહાર, શ્રીફળ, સાકર આપીને તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતુ. આ -સંગે નાયબ માહિતી નિયામક શ્રીમતિ કાન્તાબેન પટેલે જણાવ્યુ હતુ કે, શ્રી મકવાણાએ પોતાના સૌમ્ય અને મિલનસાર સ્વભાવ વડે તથા દરેક કામ સારી રીતે કરવાની તત્પરતા અને આવડતથી સૌના દિલ જીતીને સમગ્ર માહિતી પરિવારમાં માનભર્યુ સ્થાન મેળવ્યુ છે. તેમણે શ્રી મકવાણાને નિવૃત્તા જીવન સુખ સંતોષ અને આનંદમય, તંદુરસ્ત રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

માહિતી કચેરી પાલનપુરના સ્ટાફમિત્રોએ શ્રી મકવાણાના મિલનસાર સ્વભાવ અને હકારાત્મક અભિગમની -શંસા કરી શુભેચ્છાઓ આપી હતી. આ -સંગે શ્રી હરતાનજીએ -તિભાવ આપતાં જણાવ્યુંહતુ કે કચેરીના કોઈપણ કામ માટે કયારેય ના નહિ પાડવાની અને સારી રીતે કામ કરવા હું હંમેશા તત્પર રહેતો હતો. તેમણે કહ્યુ કે માહિતી ખાતામાં નોકરી કરવાનો મને પૂરો સંતોષ અને આનંદ છે. પોતાની ૩૨ વર્ષની નોકરી માતાજીની કૃપાથી સુખરૂપ સંપન્ન થઈ છે એમ કહેતા તેમણે માહિતી ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓએ જે -ેમ અને સન્માન આપ્યુ એ બદલ સૌનો આભાર માન્યો હતો.

## પાટણ જિલ્લામાં ૧લી ઑગસ્ટે તરૂયાત્રા દિન ઉજવવામાં આવશે

### પીલુડા વન, ગ્રામ ગૌચર વન, બેટી બચાવો વન નિર્માણ કરવામાં આવશે

પાટણ, તા. ૧

૬૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી જિલ્લા મથક પાટણ ખાતે થનાર છે. આ પર્વની ઉજવણીમાં જિલ્લાના નાગરિકો ઉમંગભેર ભાગ લે અને સહભાગી બને તે આશયથી ૧લી ઓગસ્ટથી વિવિધ કાર્યક્રમો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવનાર છે.

પાટણ જિલ્લાના નાગરિકો પર્યાવરણ -ત્યે જાગૃત થઈ પર્યારણની સમતુલા જાળવવામાં મદદરૂપ થાય તેમજ વૃક્ષારોપણની કામગીરીમાં ભાગ લે તેવા ઉમદા હેતુથી સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ૧લી ઓગસ્ટ ૨૦૧૪ તરૂયાત્રા (વૃક્ષારોપણ) દિન ઉજવવામાં આવશે.

તરૂયાત્રાના દિવસે સાંતલપુર તાલુકામાં ૧૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી પીલુડા વનનું નિમાર્ણ કરવામાં આવશે. જયારે તાલુકા દીઠ ગ્રામ ગૌચર વિકાસ વન તેમજ જે ગામોમાં સ્ત્રી સારક્ષરતા દર ઓછો છે તે ગામોમાં બેટી બચાવો વન ઉભું કરવામાં આવનાર છે.

સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી વાહનો દ્વારા થતા -દુષણ નિયત્રાણ માટે ઘરની આસપાસ નાના વૃક્ષો-છોડવાઓનો વાવેતર અને ઉછેર, વૃક્ષછેદન -વૃતિ અટકાવવા રેલીઓ તેમજ જાગૃતિ શિબિરો તથા વૃક્ષ વાવેતર વિસ્તારને દત્તાક લેવામાં આવશે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામસ્ત્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુઝિવ શો-રૂમ
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧